મેદાને મરવા, અવસર વરવા, મરદ કસુંબલ રંગ ચડે

ઓન ધ સ્પોટ

જગદીશ મહેતા

તૂમ્હે ખુશ હોને કા કોઈ હક્ક નહીં કયોંકિ યે તૂફાન આને સે પહેલેં કી શાંતિ હૈ ઈસમે કોઈ શક નહીં. 'તારક મહેતા કા ઊલ્ટા ચશ્મા'ના ગઈકાલના એપિસોડમાં જેઠાલાલને બાઘાએ આમ કહ્યું હતું. એજ પંકિત ભારતભરનાં લોકો પાકિસ્તાનને કહી શકે તેવા હાલાત સરહદે સર્જાઈ ગયા છે. પાકિસ્તાનનાં વાયૂસેનાના વડા સોહેલ અમાને ગઈકાલે પાકિસ્તાનનાં કબ્જાવાળા કાશ્મીરની ગિલકિટ-બાટલિસ્તાન સ્થિત્ સ્કર્દૂ એયરબેસથી મિરાજ ફાઈટર જેટ ઉડાડયું અને સિયાચિન વિસ્તારમાં આંટો માર્યો. ભારતનું રૂવાડૂંય ફરકયું નહીં છતાં પાકિસ્તાને દેખાડો એવો કર્યો જાણે ભારતને હત્તપ્રભ કરી દીધું હોય. ત્યાંની ટીવી ચેનલો માંડી પાક સૈન્યના નામનાં ઢોલકાં વગાડવા. પાળિતા ટીવી-પત્રકારોની ફૌઝ સામે સાહેલ અમાનો ડંફાશ પણ મારી કે જો ભારત જરાઈ ખરાબ હરકત કરશે તો પાકિસ્તાન એવો પાઠ ભણાવશે કે પેઢીઓ સુધી યાદ રહેશે. પાકિસ્તાનના સૈન્ય માટે આવી ગિધ્ધડભખ્ખી આપવાનું અને પોતે લડાયક મૂડમાં છે તેમ દેખાડવું છૂટકા વગરનું છે. જે રીતે ભારતે સર્જિકલ સ્ટ્રાઈક (પાર્ટ-૨) કરી કાશ્મીરના નૌશેરા ક્ષેત્રમાં પાકિસ્તાનનાં બંકરો અને સૈન્ય પોસ્ટનો ખાતમો બોલાવ્યો, સમૂચું પાકિસ્તાન હચમચી ગયું હતું. અધુરામાં પૂરું ભારત પહેલીવાર આક્રમક મૂડમાં આવી ગયું છે. રક્ષા મંત્રીનો હવાલો સંભાળતા નાણામંત્રી અરૂણ જેટલીએ ગઈકાલે જ સાફ કહ્યું કે યુધ્ધ જેવા હાલાતમાં કેવા પગલાં લેવા એ એક સાંસદ કરતાં સૈન્ય વધુ સારી રીતે જાણતા હોય છે એટલે સૈન્યને અમે પૂરી છૂટ આપી છે. ભારતીય એયર ફોર્સના વડા વી.એસ. ધનોઆએ ભારતનાં ૧૨૦૦૦ એયરફોર્સ અફસરોને પત્ર પાઠવી તાકીદ કરી છે કે શોર્ટ નોટિસથી ઓપરેશન માટે તૈયાર રહેજો. ભારત હવે પાકિસ્તાન અધિકૃત કાશ્મીર (જેને પીઓકેઃ પોક કહેવાય છે)માં આક્રમણ કરવા થનગની રહ્યું છે. મોદી સરકારને ગાદીએ બેઠાને ત્રણ વર્ષ પૂરા થવામાં હોઈ, એકતરફ તેના જશ્નની રાષ્ટ્રવ્યાપી તૈયારી ચાલી રહી છે, બીજી પા ભારતીય સૈન્યના મનસૂબા 'મેદાને મરવા, અવસર વરવા, મરદ કસુંબલ રંગ ચડે..ની યાદ અપાવે તેવા કંઈક જૂદા લાગે છે. અમેરિકાને તેની ગંધ આવી ગઈ. ત્યાંનાં એ ટોચના અધિકારી અને રક્ષા ખૂફિયા (ગૂપ્તચર) એજન્સીનાં ડાયરેકટર લેફિટનેન્ટ જનરલ વિન્સેન્ટ સ્ટીવાર્ટે અમેરિકી સેનેટની શકિતશાળી સશસ્ત્ર કમિટી સમક્ષ વિશ્વવ્યાપી ખતરા વિશેની મિટીંગમાં ગઈકાલે (તા.૨૪ને બુધવારે) જ જણાવ્યું કે 'ભારત પાકિસ્તાનને રાજકીય દૃષ્ટિએ દુનિયામાં અન્ય દેશોથી અલગ-થલગ કરવામાં મહત્તમ અંશે સફળ રહ્યું છે અને હવે સરહદ પારનાં આતંકને સમર્થન આપવા સબબ પાકિસ્તાનને સબક શિખવાડવાનાં વિકલ્પો પર વિચાર કરી રહ્યું છે. દરમિયાન, ભારતની વાયૂસેના તીરકામઠાં સજાવવા લાગી છે. હાલમાં જ મળતી માહિતી મુજબ ભારતીય એરફોર્સે તેનાં લડાકૂ વિમાન 'રફાલ' ને હરિયાણાનાં અંબાલા એયર બેસ પર અને પશ્ચિમ બંગાળનાં હાસીમારા એયર બેસ પર તૈનાત કરવા નિર્ણય કર્યો છે. વાયૂદળના વડા વી.એસ. ધનોઆએ કહ્યું છે કે સરહદ પર ગમ્મે તે સ્થિતિને પહોંચી વળવા અમારી સેના તૈયાર અને સક્ષમ બન્ને છે. ભૂમિ દળના વડા બિપિન રાવતે તો એક ડગલું આગળ વધીને કહ્યું હતું કે માત્ર પાકિસ્તાન જ નહીં અમારી પાકિસ્તાન અને ચીન બેઉ સામે એક જ મોરચેથી લડત આપવાની તૈયારી છે. બસ, પાકિસ્તાન એકા'દ 'ભૂલ' કરે એટલી વાર છે!

પાકિસ્તાનને ખબર છે કે તેની હવે પછીની એકપણ ભૂલ ભારે પડી શકે તેમ છે તો પછી જાણી-જોઈને કરેલા ગૂનાની સજા વિશે તો વિચારવું જ શું? સમૂચા પાકિસ્તાનમાં હડકંપ મચ્યો છે. નવાઝ શરીફની આબરૂ બચી નથી. દુનિયાભરમાં તેની ફઝીયત્ થઈ રહી છે. હમણાં રિયાદમાં ઈસ્લામિક રાષ્ટ્રોના મળેલા સંમેલનમાં મીયાં નવાઝ શરીફને બોલાવવાનો મોકો સુધ્ધા આપવામાં આવ્યો નહોતો. અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે શરીફ સાથે હાય-હેલ્લો પણ ન કર્યુ. પોતાના પ્રવચનમાં ડોનાલ્ડ ટ્રમ્પે આતંકવાદથી પીડિત દેશોમાં ભારતનું નામ લીધુ અને આતંકવાદને પોષનારા રાષ્ટ્રો સામે લાલ આંખ કરી તેનો સીધ્ધો ઈશારો પાકિસ્તાન તરફ કર્યો હતો. અમેરિકાએ પાકિસ્તાનને અપાતી આર્થિક મદદમાં પણ જબરો કાપ મૂકયો છે. ગયા વર્ષે અમેરિકાએ ૨૨૩૦ કરોડ ડોલર આપ્યા હતા. આ વર્ષે માત્ર ૧૦૦૦ કરોડ ડોલર આપશે. ૧૨૩૨ કરોડ ડોલરનો એક ઝાટકે કાપ! ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું કે પાકિસ્તાને તેમના રેડિકલ-ગૃપો (આતંકી સંગઠનો)ને પનાહ દેવાનું બંધ કરવું પડશે. પાકિસ્તાની સુપ્રીમ કોર્ટના વકીલ મંડળે નવાઝ શરીફ સામે બાંયો ચઢાવી છે. વકીલોએ પનામા લિંક્સ મામલે દાગદાર નવાઝ શરીફને ૧૨ દિવસમાં રાજીનામું આપવા અલ્ટીમેટમ આપી દીધું છે. પાકિસ્તાનમાં આવતા વર્ષે મુખ્ય ચૂંટણી થવાની. તેમાં નવાઝ શરીફ આણિ મંડળીની હાર નિશ્ચિત્ છે. ક્રિકેટરમાંથી રાજકારણી બનેલો ઈમરાન ખાન તેની એક સમયની બોલિંગની ઝડપે આક્ષેપો કર્યે જાય છે અને નવાઝ શરીફની આબરૂનાં ડાંડિયા ડૂલ કરતો જાય છે. પાકિસ્તાનમાં આમપણ નવાઝ સરકારની હૈસિયત કઠપૂતળીથી વિશેષ કશી નથી. બેક્ સીટથી સૈન્ય જ ડ્રાઈવ કરે છે. સૈન્ય હવે સીધો હસ્તક્ષેપ કરી (અગાઉની જેમ) સત્તા હાસલ કરવા માગતું નથી. કેમ કે દુનિયાભરની નઝરિયાઁ બદલાઈ ગઈ છે. વિશ્વની મહાસત્તાઓને સૈન્ય દ્વારા સંચાલિત્ રાષ્ટ્રો પર બહુધા ભરોસો રહ્યો નથી. તેની સાથે 'ડીલ' કરવામાં અનુકૂળતા રહેતી નથી. ભલે કઠપૂતળી તો કઠપૂતળી પણ વિશ્વમંચ ઉપર જે-તે દેશનું પ્રતિનિધિત્વ કોઈ રાજનેતા કરે તેવું સહુ ઈચ્છે છે. પાકિસ્તાની સૈન્ય આ વાતથી વાકેફ છે એટલે નવાઝ શરીફ જેવા બદમાશને ચલાવી લે છે. શરીફ પણ એ જ લાગનાં છે. આ જણની નાડમાં લોહી ઓછું ને ગદ્દારી ઝાઝી વહે છે. નવાઝ શરીફને એમ છે કે ભારતનાં કહેવાથી અમેરિકા આડૂ ફાટયું એટલે તેમણે ચલક ચલાણું સઉદી અરબ પછી ચીનના ઘેર ભાણું માંડયું છે. શરીફને શાયદ ખબર નથી કે ચીન તો પાકિસ્તાન કરતાંય ગદ્દારીમાં વધુ બદમાશ છે. ચીનને પાકિસ્તાનની ભૂમિ અને તે માર્ગે અન્ય એશિયાઈ રાષ્ટ્રો સાથે વેપાર-ધંધાની અપાર સંભાવનાઓમાં જ રસ છે. ધારો કે ભારત સાથે યુદ્ધની નોબત આવે તો ચીન પાકિસ્તાન માટે પાળિયો થવા તૈયાર નહીં થાય. હા, થોડા હથિયાર-બથિયાર આપે અને કહે કે લડો અથવા મરો! કોઈપણ મહાસત્તાને યુદ્ધ પોસાય નહીં. યુદ્ધમાં ફતેહ મળે તેમ હોય તો પણ નહીં. કેમકે યુદ્ધ થકી થનારી તબાહી સરભર કરવામાં દાયકાઓ નીકળી જતા હોય છે અને અર્થતંત્ર બેહાલ થઈ જતું હોય છે. ચીન હોય કે અમેરિકા, રશિયા હોય કે ભારત... જયાં સુધી ધમકી આપવાથી પતતું હોય કોઈ કાંઠલા પકડવા રાજી નથી. 'મહાસત્તા' અમથું બનાતું નથી. દુનિયાનાં દેશો સાથે આર્થિક, સામરિક તાલમેળ જાળવી રાખવો જરૂરી હોય છે. ૧૯૬૫માં કે ૧૯૭૧માં પણ ચીને આમ જ કર્યું હતું. પાકિસ્તાને મદદ કરી પણ યુદ્ધના મેદાનમાં ઊતર્યું નહોતું. અન્યથા ૧૯૬૨માં ચીન ભારત સામે યુદ્ધ ખેલી ચૂકયું હતું. એટલે પાકિસ્તાન જો એવા ગૂમાનમાં હોય કે ભારત સામે યુદ્ધની નોબતમાં ચીન પણ ભાઈબંધીના નાતે ઠેકી પડશે તો તે ખાંડ ખાય છે. એટલે જ ભારતની પોઝિશન વધુ સ્ટ્રોંગ છે. અમેરિકા આપણી ફેવરમાં છે. મોદી જંગની ફેવરમાં છે. પાકિસ્તાન ચારેબાજુથી ઘેરાઈ ગયું અને વિખુટૂં પડી ગયું હોઈ ભારત માટે સરહદે સ્થિતિ 'લોહા ગરમ હૈ માર દો હથોડા' જેવી છે. ભારતની તૈયારીમાં કોઈ કચાસ નથી. હવે પહેલા જેવા સૈન્ય ખૂંવારીવાળા યુદ્ધો લડાતા નથી. ટેકનોલોજિકલી લડાય છે અને એ બાબતમાં ભારત સામે પાકિસ્તાનનું પાંચિયું'ય ન આવે. ભારતે સિયાચીન અને કાશ્મીર સહિત પાકિસ્તાનને સ્પર્શતી તમામ સરહદોએ ફોરવર્ડ ઓપરેટિંગ બેસને ઓપરેશનલ કમાન્ડમાં મૂકી દીધા છે. તેનો સીધો અર્થ કે ગમ્મે ત્યારે ગમ્મે તે થઈ શકે.

પાકિસ્તાનની ઢીલે ઢીલ છે. જો કે ગઈકાલે પાકિસ્તાનનાં વાયૂદળના વડાએ સિયાચીન-વાડે મિરાજ ફાઈટર જેટ વિમાન ઊડાડીને પૂરાવો આપી દીધો કે પાકિસ્તાની ઘો હવે મરવાની થઈ છે. 'સિયાચીન' વિસ્તાર અને ત્યાંની રણનીતિ રૂવાડાં ખડા કરી દે તેવી છે. તેને બે-પાંચ લિટીમાં વર્ણવવી શક્ય નથી. આ જ સ્થળે આપણે ટાણાંસર ફરી મળીશું ત્યારે વિગતે વાતૂ કરીશું. ઓકે?

ભારત-પાકિસ્તાન વચ્ચે મીની-વોરના એંધાણ વર્તાય રહ્યા છે. અમેરિકી સેનેટની શકિતશાળી સશસ્ત્ર કમિટી સમક્ષ ત્યાંની ગુપ્તચર એજન્સીના વડાએ કહ્યું કે ભારત હવે પાકિસ્તાનને સબક શિખવાડવા અધિરું થયું છે. રક્ષા મંત્રી અરૂણ જેટલીએ કહ્યું યુદધના હાલાતમાં સૈન્યને બદધી જ છૂટ છે

ગેર સમજણ સામટી ફેલાવ ના
દૂશ્મનોની જેમ તૂં બોલાવ ના
કાં મને પડકારવાનું બંધ કર
કાં સૂલેહી વાવટો ફરકાવ ના

પાક વાયૂદળના વડા સાહેલ અમાને ભારતીય સરહદ નજીક સિયાચિન વિસ્તારમાં મિરાજ ફાઈટર જેટ વિમાન ઉડાડી આગમાં ઘી હોમ્યું. ભારતે પાક સાથેના તમામ ફોરવર્ડિંગ ઓપરેટિંગ આર્મી બેસને ઓપરેશનલ મૂડમાં મૂકી દીધા. હવે પાકિસ્તાન એક ગૂસ્તાખિ કરે એટલી વાર છે

શનિવારે સૌરાષ્ટ્રની ટ્રેનોની અવરજવરને અસર થશેઃ વિરમગામ-થાન વચ્ચે ઈજનેરી બ્લોક લેવાશે

અમુક મોડી ઉપડશે, જયારે લાંબા અંતરની ટ્રેનોને જુદા જુદા સ્ટેશનોએ રોકી રખાશે

રાજકોટ તા.૨૫

થાન-વાગડીયા વચ્ચે માનવરહીત ફાટક નંબર ૬૮ ખાતે મર્યાદીત ઉંચાઈના સબવે માટે રેલવેના રાજકોટ ડીવીઝનના ઈજનેરી વિભાગ દ્વારા શનિવાર, ૨૭ મેએ વહેલી સવારે ૩.૧૦ કલાકથી ૮.૪૦ કલાક સુધી સાડા પાંચ કલાકનો બ્લોક લેવાશે. એ કારણે ત્રણ મેઈલ એકસપ્રેસ અને એક પેસેન્જર ટ્રેનના સમયપત્રકમાં ફેરફાર કરવામાં આવ્યો છે અને ૩ મેઈલ એકસપ્રેસ જુદા જુદા સ્ટેશનોએ થોભશે.

પશ્ચિમ રેલ્વેની એક યાદી મુજબ ટ્રેન નં. ૧૯૦૧૭ બાંદ્રા-જામનગર સૌરાષ્ટ્ર જનતા એકસપ્રેસ ૨૬ તારીખે તેના નિર્ધારીત સાંજના ૫.૧૦ કલાકે ઉપડવાના બદલે ૩ કલાક ૧૫ મીનીટ મોડે, એટલે કે રાતે ૮.૨૫ કલાકે બાંદ્રા સ્ટેશનથી ઉપડશે અને એ જામનગર ત્રણ કલાક મોડી પહોંચે તેવી સંભાવના છે.

તેવી જ રીતે ટ્રેન નં. ૨૨૯૪૫ બીસીટી-ઓખા સૌરાષ્ટ્ર મેઈલ એકસપ્રેસ ૨૬ મેએ રાતે ૯.૩૫ કલાકે ઉપડવાના બદલે ૧ કલાક મોડી મુંબઈ સેન્ટ્રલથી ઉપડશે. આ ટ્રેન ઓખા ૪૫ મીનીટ મોડી પહોંચે તેવી શકયતા છે.

૨૭ મેએ ઉપડનારી જામનગર-સુરત ઈન્ટરસીટી એકસપ્રેસ વહેલી સવારે ૪.૪૫ કલાકના બદલે દોઢ કલાક મોડી, એટલે કે જામનગરથી સવારે ૬.૧૫ કલાકે ઉપડશે.

ટ્રેન નં. ૫૯૫૪૮ ઓખા-પેસેન્જર ૨૬ મેએ ઓખાથી રાતે ૧૦.૧૦ કલાકના બદલે ૩ કલાક મોડી એટલે કે ૨૭ મેએ ૧.૧૦ કલાકે ઓખાથી રવાના થશે.

ટ્રેન નં. ૨૨૯૦૭ મડગાવ-હાપા મેઈલ એકસપ્રેસ ૨૬ મેએ મડગાવ સ્ટેશનેથી નિર્ધારિત ૧૦.૪૦ કલાકે ઉપડશે, પણ ૨૭ મેએ તે વીરમગામ-વાગડીયા સ્યેશન વચ્ચે બે કલાક ઉભી રહેશે અને એ પછી હાપા જવા રવાના થશે, એ એક કલાક મોડી પહોંચે તેવી ધારણા છે.

ટ્રેન નં. ૧૬૩૩૭ ઓખા-એર્નાકુલમ મેઈલ એકસપ્રેસ ટ્રેન ૨૭ મેએ સવારે ૪.૪૫ કલાકે ઓખાથી ઉપડશે પણ થાન સ્ટેશને ૧૫ મીનીટ રોકાઈ એર્નાકુલમ તરફ આગળ ધપશે.

ટ્રેન નં. ૧૯૫૮૦ દિલ્હી-સરાઈરોહિસા-રાજકોટ મેઈલ એકસપ્રેસ ૨૬ તારીખે દિલ્હી સરાઈ રોહિલા સ્ટેશનેથી સવારે ૧.૧૦ કલાકે ઉપડી ૨૭ મેએ વિરમગામ-વાગડીયા સ્ટેશન વચ્ચે એક કલાક ઉભી રહેશે. આ ટ્રેન રાજકોટ ૩૦ મીનીટ મોડી પહોંચે તેવી શકયતા છે.

ડિવોર્સ સેટલમેન્ટ માટે ઈતિહાસમાં સૌથી વધુ ૯૭૨ અબજ રૂપિયાની માગણી



મોસ્કોઃ ૫૬ વર્ષના વ્લાદિમિર પોતાનિયા રશિયાના ચોથા નંબરના સૌથી ધનાઢય ઉદ્યોગપતિ છે. તેમનું લગ્નજીવન ખાસ્સા સમયથી ખરાબે ચડયું હતું અને આ દંપતિના છૂટાછેડા ત્રણ વર્ષ પહેલાં જ ફાઈનલ થઈ ગયેલા. પરંતુ તેમની પંચાવન વર્ષની પત્ની નતાલિયા પોતાના ભૂતપૂર્વ પતિદેવને એમ સસ્તામાં છોડવા તૈયાર નથી. હવે તેણે ભરણપોષણની કડાકૂટમાંથી છૂટવા માટે પોતાના વકીલ મારફતે ભૂતપુર્વ પતિ પાસેથી ફાઈનલ ડિવોર્સ-સેટલમેન્ટ તરીકે અધધધ ૯૭૨ અબજ રૂપિયા કરતાં પણ વધારે રકમની માગણી કરી છે. પતિ વ્લાદિમિરની ઈન્વેસ્ટમેન્ટ, માઈનિંગ વગેરે કંપનીઓમાં રહેલી ભાગીદારીમાં નતાલિયાને પણ અડધોઅડધ ભાગ જોઈએ છે. સ્વાભાવિક રીતે જ પતિના વકીલે દલીલ કરી છે કે તેમની તમામ કંપનીઓ ખોટમાં ચાલી રહી છે અને તેઓ આ રકમ ચૂકવી શકે એમ નથી. પરંતુ જો કોર્ટ નતાલિયાબેનની માગણી સ્વીકાર્ય રાખશે તો માનવ ઈતિહાસની આ સૌથી મોટી ડિવોર્સ-સેટલમેન્ટ રકમ સાબિત થશે. ૨૩ વર્ષના લગ્નજીવન અને ત્રણ સંતાનોના જન્મ પછી પતિ વ્લાદિમિરને પોતાના કરતા પંદર વર્ષ નાની પોતાની એક કર્મચારી સાથે પ્રેમ થઈ ગયો. બન્નેને એક લવ-ચાઈલ્ડ હોવાનું પણ કહેવાય છે. આ સંબંધ જ તેમના ડિવોર્સનું કારણ બન્યો હતો.

'આધાર' માટે વયનો પુરાવો ફરજીયાત નહીં, પણ જન્મ તારીખ સુધારવા જરૂરી

તે સતાવાળાઓ એક સરખી વયના અહેવાલો સંદર્ભમાં સરકારની સ્પષ્ટતા

નવી દિલ્હી તા.૨૫

આધાર એનરોલમેન્ટ માટે મરના પુરાવાની જરૂર નથી પણ ટ્રાફીક આઈડેન્ટીટી માટે નોંધાવવામાં આવેલી જન્મતારીખ બદલવા એ આવશ્યક છે.

યુઆઈડીએઆઈના એક અધિકારીએ જણાવ્યું હતું કે આધારકાર્ડ મેળવવા વયનો પુરાવો આપવો ફરજીયાત નથી. દેશમાં ઘણા લોકો તેમની જન્મતારીખ જાણતા નહીં હોય અથવા જન્મ પ્રમાણપત્ર ધરાવતા નહીં હોય. આવા કિસ્સામાં વ્યકિતને તેની ઉંમર જણાવવા વિનંતી કરાય છે અને યુઆઈડીએઆઈ એનો સ્વીકાર કરે છે.

અલ્લાહાબાદ નજીકના કંજાસા ગામની દર પાંચ વ્યક્તિમાંથી એકની જન્મતારીખ ૧ જાન્યુઆરી હોવાના અહેવાલો સંબંધમાં પ્રતિક્રિયા આપતા અધિકારીએ ઉપરોક્ત સ્પષ્ટતા કરી હતી.

રાજસ્થાનના એક ગામમાંથી પણ અગાઉ આવો અહેવાલ આવ્યો હતો.

અધિકારીએ જણાવ્યું હતું કે આવા કિસ્સામાં અરજદારે આપેલી માહિતીના આધારે ૧ જાન્યુઆરીથી વય ગણવામાં આવે છે.

આમાં કોઈ ગોટાળો નથી. યુઆઈડીએઆઈની એ સ્વીકૃત નીતિ છે, પરંતુ વ્યક્તિ જો જન્મતારીખ સુધારવા-બદલવા માંગતી હોય તો તેણે માટે અધિકૃત માન્ય પુરાવો આપવો જરૂરી છે.

કેટલાક લોકોએ જન્મતારીખના સાચા પુરાવા આપ્યા હોવા છતાં આધારકાર્ડમાં ખોટી તારીખ છપાય છે. એ બાબતે અધિકારીએ જણાવ્યું હતું કે એ તપાસનો વિષય છે પણ અરજદાર પાસે અધિકૃત-માન્ય પુરાવા હોય તો સુધારો કરાવવાનો વિકલ્પ છે જ.

તેમણે જણાવ્યું હતું કે આધારનો હેતુ બાયોમેટ્રીક વિગતો સાથે વ્યક્તિના અસ્તિત્વને સતાવાર માન્યતા આપવાનો છે.

IPLની ટ્રોફી સાથે કોણ છે આ કન્યા?

મુંબઈ: રવિવારે હૈદરાબાદમાં આઈ.પી.એલ.ની ફાઈનલમાં રાઈઝિંગ પુણે સુપરજાયન્ટને હરાવીને મુંબઈ ઈન્ડિયન્સ ત્રીજી વાર ચેમ્પિયન બની ગયું હતું. મુંબઈની આ જીત માટે સોશ્યલ મીડિયામાં દિલધપડક ફાઈનલ, મુંબઈની જીત અને ત્યાર બાદની ઉજવણીના અનેક ફોટોગ્રાફસ ફરી રહયા હતા.

જોકે એમાં ટ્રોફી સાથે એક કન્યાના ફોટોએ લોકોમાં ભારે ઉત્સુકતા જગાવી હતી અને એ કોણ છે એ માટે અનુમાનો લાગવા માંડયાં હતાં. આ મિસ્ટ્રી ગર્લ બીજું કોઈ નહીં પણ મુંબઈ ઈન્ડિયન્સની ફાઈનલની જીતના હીરો કૃણાલ પંડયાની મંગેતર પંખુડી શર્મા છે. કૃણાલ પંડયાની મંગેતર પંખુડી શર્મા છે. કૃણાલ પંડયા કટોકટી વખતે ફાઈનલમાં મેચવિનિંગ ૪૭ રનની ઈનિંગ્સ રમ્યો હતો અને મુંબઈને સન્માજનક સ્કોર સુધી લઈ ગયો હતો. કૃણાલ અને પંખુડી આ વર્ષે ડિસેમ્બરમાં લગ્ન કરવાનાં છે. પંખુડીના સોશ્યલ મીડિયાના અકાઉન્ટમાં કૃણાલ અને હાર્દિક પંડયા સાથેના અનેક ફોટોગ્રાફસ ઉપલબ્ધ છે.

પંખુડી શર્મા એક મોડલ અને પ્રોફેશનલ ફેશનિસ્ટ છે.

સેહવાગ 'ઓનેઓન' બન્યો કરોડપતિ!

ટિવટર-બાજીથી ફોલોઅર્સ થયા કરોડથી વધુ!



બેટસમેન તરીકે ભલભલા બોલરોનાં છોતરાં કાઢી નાખનાર વીરેન્દર સેહવાગ રિટાયરમેન્ટ બાદ કોમેન્ટરી અને અન્ય રીતે ક્રિકેટ સાથે જોડાયેલો રહેવા સાથે સોશ્યલ મીડીયામાં ટવીટર પર રમુજી ટવીટ દ્વારા ધૂમ મચાવી રહ્યો છે. સેહવાગ દરેક મુદા પર રોજેરોજ તેના અનોખા અંદાજમાં ટવીટ કરીને પ્રતિભાવ આપતો રહે છે. તેની મોટા ભાગની ટવીટ સોશ્યલ મીડીયામાં છવાયેલી રહે છે અને તેના ચાહકો-ફોલોઅર્સની સંખ્યામાં પણ રોજેરોજ વધારો થતો જાય છે. મંગળવારે સેહવાગના ફોલોઅર્સની સંખ્યાનો આંકડો એક કરોડને વળોટી ગયો હતો!

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના સ્વચ્છતા અભિયાનને પ્રમોટ કરવા

ભાઈશ્રી રમેશભાઈ ઓઝાએ રાજકોટની સિવિલ હોસ્પીટલમાં સફાઈ કામગીરી કરી

રાજકોટ તા.૨૫

રાજકોટના રેસકોર્ષ મેદાનમાં ભાઈશ્રી રમેશભાઈ ઓઝાની શ્રીમદ્ ભાગવત સપ્તાહ ચાલી રહી છે ત્યારે ભાઈશ્રીએ ગઈકાલે કથા પછી રાજકોટની સિવિલ હોસ્પિટલમાં જઈને પટાંગણમાં સફાઈ કરીને વડાપ્રધાન નરેન્દ્ર મોદીના સફાઈ અભિયાનને પ્રમોટ કર્યુ હતું. ભાઈશ્રીને હોસ્પિટલના કેમ્પસમાં કચરો ઉપાડતા અને સાવરણો લઈને સફાઈ કરતા જોઈને અનેક લોકો આવીને તેમના હાથમાંથી કચરો અને સાવરણો લેવા તૈયાર થઈ ગયા હતા, પણ ભાઈશ્રીએ કોઈને આપ્યો નહોતો. ઊલટું ભાઈશ્રીએ તેમને પણ શાંતચિતે સમજાવતાં કહ્યું હતું કે જો તમે લોકોએ આ કામ પહેલાં જ કરી લીધું હોત તો અમારે કોઈએ એ કરવું પડયું ન હોત. અગાઉ પણ ભાઈશ્રીએ સફાઈ અભિયાનને પ્રમોટ કર્યુ હતું અને પોરબંદરમાં તેમણે રસ્તા પર સફાઈ કરી હતી. ગઈકાલે સફાઈ કર્યા પછી ભાઈશ્રીએ અને તેમની સાથે રહેલા અનુયાયીઓએ અઢાર કિલો જેટલો કચરો સિવિલ હોસ્પિટલમાંથી એકઠો કર્યો હતો. જો હોસ્પિટલમાં જ આટલો કચરો પડયો રહેતો હોય તો સ્વાભાવિક રીતે બીમાર માણસની તબિયત કેવી રીતે સુધરે એ વાતની ફિકર પણ ભાઈશ્રીએ સૌની સમક્ષ વ્યકત કરી હતી.

હાજરી પુરવા કર્મચારીઓના હાથમાં 'ચિપ'



સ્ટોકહોમઃ સ્વીડનના સ્ટોકહોલમાં આવેલી એપિસેન્ટર નામની ટેકનોલજી કંપનીએ પોતાના કર્મચારીઓ સમક્ષ અનોખી અને સહેજ ડરામણી પેશકશ કરી છે. કંપની પોતાના કર્મચારીઓના હાથમાં એક નાનકડી માઈક્રોચિપ ફિટ કરી આપે છે. પછી એ જ માઈક્રોચિપ કર્મચારીનું આઈડેન્ટિટી કાર્ડ બની ાય. ચોખાના દાણા જેવડી આ ચિપ હાથના અંગૂઠા પાસેની ચામડીમાં ફિટ કરવામાં આવે. ફિટ કરતી વખતે માત્ર ઈન્જેકશન આપ્યું હોય એવી ક્ષણિક પીડા થાય અને જરાય લોહી ન નીકળે. એક વખત ચિપ ફીટ થઈ ગયા બાદ કર્મચારી માત્ર હાથ ફેરવે ત્યાં જ તેની હાજરી પુરાઈ જાય. તેના માટે ઓફિસના દરવાજા ખૂલી જાય, કંપીનાં પ્રિન્ટર-સ્કેનરથી લઈને કેફેટેરિયામાં લંચ-નાસ્તાના ઓર્ડર માટે પણ આ જ ચિપ કામ લાગે. આ કંપનીના સ્થાપક સહિત એના ૩ હજાર કર્મચારીઓમાંથી અત્યાર સુધીમાં ૧૫૦ કર્મચારીઓએ આ ચિપ ફિટ કરાવી છે. અલબત્ત, ચિપ હાથમાં બેસાડવી ફરજિયાત નથી. પરંતુ જયારે કોઈ કર્મચારી પોતાના હાથમાં ચિપ બેસાડે ત્યારે કંપની તેને સામેથી પાર્ટી આપે છે.

૧૬ કલાકમાં ૪૫૧ હાથમાં મેંદી મૂકીને રચ્યો અનોખો વિક્રમ

અમદાવાદ: અમદાવાદની સુફિયા રેશમવાલા નામની મેંદી-આર્ટિસ્ટે સળંગ ૧૬ કલાકમાં ૪૫૧ હાથોમાં મેંદી મૂકીને લિમકા બુક ઓફ રેકોર્ડ્સમાં પોતાનું નામ દર્જ કરાવી દીધું છે. લોકોના હાથોમાં મેંદી મૂકવામાં સુફિયાની માસ્ટરી એવી જબરદસ્ત છે કે તે માત્ર દોઢથી બે મિનિટમાં જ આખા પંજા પર મેંદી મૂકી દે છે. અગાઉ તેણે ૨૪ કલાકમાં ૪૨૧ હાથોમાં મેંદી મૂકવાનો ટાર્ગેટ સેટ કરેલો. પરંતુ તે માત્ર ૧૫ કલાક અને ૨૫ મિનિટમાં જ પોતાના રેકોર્ડ્બ્રેક ટાર્ગેટ સુધી પહોંચી ગઈ. તેણે પોતાના સમાજના છિપા જમાત ચેરિટેબલ ટ્રસ્ટના હોલ ખાતે સવારે સાત વાગ્યાથી લઈને રાત્રે એક વાગ્યા સુધી સગાં, સંબંધી અને આસપાસની યુવતીઓના હાથોમાં મેંદી મૂકી હતી. અગાઉ પુણેની ધનેશ્રી હેંડે નામની મેંદી-આર્ટિસ્ટે ૩૨ કલાકમાં ૪૦૮ હાથોમાં મેંદી મૂકવાનો રેકોર્ડ બનાવેલો. એને સુફિયાએ તોડી બતાવ્યો છે. કોમર્સમાં પોસ્ટ ગ્રેજયુએશન કરી ચૂકેલી સુફિયા અગાઉ પણ ૧૦ કલાકમાં ૨૫૦ હાથોમાં મેંદી મૂકી ચૂકી છે. હવે ભવિષ્યમાં તે આના કરતાં પણ વધુ આકરો રેકોર્ડ કરવાની છે.

ચેમ્બર ઓફ કોમર્સે નોંધાવ્યો વિરોધ

મોરબીની બેંકોમાં સીટીએસ પદ્ધતિથી વેપારીઓ નારાજ

(જીગ્નેશ ભટ્ટ) મોરબી તા.૨૫

કેન્દ્ર સરકાર દ્વારા બેંક મારફતે જ ટ્રાન્જેકશન કરવાની વાત કરવામાં આવી રહી છે પણ જો કે બેંકોમાં સ્ટાફ અન્ય કોઇ સુવિધા વધાકવામાં આવતી નથી જેના કારણે લોકોને હેરાનગતિનો સામનો કરવો પડે છે દરમ્યાન મોરબીના વેપારી આલમમાં પણ નારાજગી જોવા મળી રહી છે ત્યારે ચેમ્બર ઓફ કોમર્સે દ્વારા સરકારની નવી સીસ્ટમ સામે વિરોધ વ્યકત કરવામાં આવ્યો છે નોટબંધી બાદ બેંકના વ્યવહાર સ્વભાવીક રીતે વધી ગયા છે. પરંતુ બેંકમાં આજની તારીખે સ્ટાફમાં કોઈ વધારો થયો નથી જેથી બેંકોમાં રોજીંદા આવતી ચેકનો નિકાલ સમયસર થતો નથી મોરબીમાં ગત તા. ૧૦ મીથી સીટીએસ લાગુ કરી દેવામાં આવેલ છે. જેમાં ચેકનો સિમ્બોલ તેમજ ચેક સાચો છે કે ખોટો તે ખરાઈ કર્યા બાદ જ કામ આગળ વધે છે. જેથી બેંકો સાથે થતી છેતરપીંડી રોકી શકાય છે જો કે મોરબીની બેંકોમાં સ્ટાફનો અભાવ હોવાથી ચેક કલીયરીંગમાં ચારથી પાંચ દિવસનો સમય લાગે છે જેથી મોરબી ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ બેચરભાઈ હોથીએ તમામ બેંકોને પત્ર લખીને જણાવ્યું છે કે સીટીએસ પધ્ધતિને કારણે મોરબીના વેપારીઓ નારાજ છે જેનું તાકીદે નિરાકરણ લાવવું જરૂરી છે કારણ કે વેપારીઓના ચેક બાઉન્સ થવાથી ઘણી વખત તેમને ક્ષોભજનક સ્થિતિમાં મુકાવું પડે છે. બેંકો દ્વારા લોકોને આ કારણ વગરની પીડામાંથી કયારે મુક્તિ દેવામાં આવશે તે તો સમય જ બતાવશે.

રાજકોટના ગોકુલધામમાં બીમારીથી કંટાળી લોધા યુવતીએ ફિનાઈલ પીધુ

રણુજા મંદિર પાસે રહેતા બાવાજી યુવાને પત્ની સાથે ઝઘડો થતા ફિનાઈલ ગટગટાવ્યુ : કેશોદમાં પરિણીતા દાઝી

રાજકોટ, તા. ૨૫

રાજકોટમાં ગોકુલધામ પાસે ગીતાંજલી સોસાયટીમાં રહેતી લોધા યુવતીએ ફિનાઈલ પી આપઘાતનો પ્રયાસ કરતા તેને સારવાર માટે સરકારી હોસ્પિટલ ખસેડવામાં આવી છે. માનસિક બીમારીથી કંટાળી યુવતીએ આ પગલુ ભરી લીધુ હોવાનું જાણવા મળ્યું છે. બનાવની જાણવા મળતી વિગતો મુજબ ગોકુલધામ પાસે ગીતાંજલી સોસાયટી શેરી નં. ૬, ૧૫૦ ફુટ રીંગ રોડ પર રહેતી લોધા યુવતી વર્ષાબેન માનસીંગભાઈ પતરીયા (ઉ.વ.૩૨) નામની યુવતીએ ફિનાઈલ પી લેતા તેને સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવી છે.

યુવતી એક ભાઈ એક બહેનના પરિવારમાં નાની છે તેના પિતા નિવૃત છે માનસિક બીમારીથી પીડાતી યુવતી છેલ્લા ચાર દિવસથી ગુમસુમ રહેતી હતી અને તેનાથી કંટાળી જઈ આ પગલુ ભરી લીધુ હોવાનું જાણવા મળ્યું છે.

અન્ય બનાવમાં રણુજા મંદિર પાસે ભુવનેશ્વરી સોસાયટીમાં રહેતા ધર્મેન્દ્ર અભિરામ હરીયાણી (ઉ.વ.૨૮) નામના બાવાજી યુવાને રાત્રીના પોતાના ઘરે ફિનાઈલ પી લેતા તેને સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યો છે. બાવાજી યુવાના પિતા ચિત્રાવડ ગામે રહે છે તેની પત્ની કોમલબેને સાસુ-સસરાને ઘરે આવવાની ના કહેતા તે મામલે ઝઘડો થતા યુવાને આ પગલુ ભરી લીધુ હતું.

જયારે કેશોદમાં મોલાના દરવાજા પાસે રહેતી સુમનબેન ગફારભાઈ મોઢા (ઉ.વ.૨૨) નામની પરણીતા ચુલા પર રસોઈ બનાવતા સમયે અકસ્માતે દાઝી જતા તેને સારવાર માટે રાજકોટ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે.

મોરબીમાં સાર્થક વિદ્યામંદિર ખાતે પથદર્શક સેમિનાર યોજાશે

(જીગ્નેશ ભટ્ટ) મોરબી તા.૨૫

સામાન્ય રીતે બોર્ડની પરિક્ષાનાં પરિણામ આવ્યા બાદ વિદ્યાર્થીઓને કયા વિષયમાં પ્રવેશ લેવો તે સહિતના અનેક સવાલો મુંજવતા હોય છે જેનુ નિરાકરણ લાવવા માટે મોરબીમાં ઈન્ડિયન લાયન્સ કલબ અને સાર્થક વિદ્યામંદિરનાં સંયુક્ત ઉપક્રમે પથદર્શક કારકિર્દી માર્ગદર્શન ફ્રી સેમિનારનું આયોજન કરવામાં આવ્યુ છે. આગામી તા.૨૭ મેનાં રોજ સાંજના ૭.૩૦ થી ૧૦.૩૦ વાગ્યા સુધી સાર્થક વિદ્યામંદિર, મોરબી-૨ ખાતે સેમિનારનું આયોજન કરવામાં આવ્યું છે. આ સેમિનારમાં વિદ્યાર્થીઓને ધોરણ પછી શું કરવું તે સહિતની માહિતી આપવામાં આવશે. જેથી વિદ્યાર્થીઓએ તેના વાલીની સાથે આ સેમિનારમાં હાજર રહેવા આયોજકોએ અખબારી યાદીમાં જણાવ્યું છે.